For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**ગયા વર્ષે પણ ખાડીપૂરમાં દબાણો તોડી પાડવાના આદેશ હતા તો અત્યાર સુધી તંત્ર શું કરતું હતું? સરકાર અને અધિકારીના સરખા જવાબ**

# ખાડી કિનારાનાં દબાણો તોડી પાડવા આદેશ

**દબાણો** હટાવવા, રોડ-ખાડીની જવાબદારી નક્કી કરી જરૂર પડે તો ફોજદારી કાર્યવાહીનો આદેશ ફરી આજ ડાયલોગ

**સુરતની** હાલત કફોડી થાય છે, દર વખતે મેરેથોન બેઠક થાય છે, અધિકારીના ઉધડા લેવાય છે પણ પરિણામ શૂન્ય




સુરતઃ સુરત જળબંબાકાર થતા અને ખાડી પૂર આવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બુધવારે તાત્કાલિક સુરત દોડી આવ્યા હતા. સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં વહીવટી તંત્ર સામે ગંભીર સવાલો ઉઠ્યા હતા. ધારાસભ્યોએ જ તંત્રની કામગીરીની પોલ ખોલી દેતાં મુખ્યમંત્રી અધિકારીઓ પર લાલઘૂમ બન્યા હતા. બેઠકમાં ખાડી પ્રોજેક્ટના રિડેવલપમેન્ટ, ખાડીઓનું ઊંડાણ વધારવા અને ગેરકાયદે દબાણો દૂર કરવા માટે રાજ્ય સરકારે 500 કરોડના વિશેષ પેકેજની જાહેરાત કરી હતી. સાથે જ સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું હતું કે, હવે કોઈ પણ

...અનુસંધાન પાના 5 પર



(તસવીર : સતીષ જાદવ)

**ત્રીજા દિવસે પણ કેટલાક વિસ્તારોમાંથી પાણી ઊતર્યાં નથી**

સુરત : સુરત શહેરમાં ભારે વરસાદ બાદ ખાડીપૂરની પરિસ્થિતિ સર્જાઈ હતી. જોકે આજે સતત ત્રીજા દિવસે પણ શહેરના કેટલાક વિસ્તારોમાં ખાડીના પાણી નહીં ઉતરતા લોકોએ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. સતત ત્રીજા દિવસે પણ સુરતના લીંબાયત ઝોન વિસ્તારમાં

...અનુસંધાન પાના 5 પર

### ભૂતકાળની ભૂલો ફરી કેમ થઈ? જવાબદારો સામે કડક કાર્યવાહી થશે : હર્ષ સંઘવી

ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ખાડીના કારણે પાણી ભરાવવાનું ભૂતકાળમાં પણ સામે આવ્યું હતું એ ફરી કેમ આવ્યું? અને આવો ભવિષ્યની અંદર પ્રશ્ન ના ઊભો થાય તે માટે મુખ્યમંત્રીએ મહાનગરપાલિકાને કહ્યું છે કે, તાત્કાલિક એનો પ્લાન કરીને અમલમાં મૂકી આ કામગીરી પૂર્ણ કરવી જોઈએ અને ભવિષ્યમાં કોઈ પ્રશ્ન આવ્યો તો અધિકારીઓ પર કડક પગલાં ભરવામાં આવશે. વધુમાં જણાવ્યું કે, કોઈ પણ રોડ, બીજા કોઈ પણ કામગીરી જેની અંદર નવા કામગીરી થઈ હોય અને જે તૂટ્યા હોય અને એ કામગીરીની અંદર જો કોઈ પણ વિકનેસ હોય તો એની ઉપર પણ પગલાં પણ ભરવામાં આવે અને જરૂર લાગે તો ફોજદારી પગલાં પણ ભરવામાં આવે તેની પણ સૂચના સૌ અધિકારીઓને આપવામાં આવી છે.

### ચૂક કરનાર અધિકારીઓ સામે ફોજદારી કાર્યવાહી

બેઠકમાં મુખ્યમંત્રીએ વહીવટી તંત્રને ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, ભવિષ્યમાં આવી સ્થિતિ ફરી સર્જાશે તો જવાબદાર અધિકારીઓ સામે માત્ર વિભાગીય કાર્યવાહી નહીં પરંતુ જરૂર પડશે તો ફોજદારી ગુનો પણ નોંધવામાં આવશે. જાહેર કામોમાં બેદરકારી કે ક્ષતિને હવે કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. જવાબદારી નક્કી કરીને કડક શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે.

### તૂટેલા રસ્તા, ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે પણ એક્શન

તાજેતરના વરસાદમાં નવા બનેલા અનેક રસ્તા ધોવાઈ ગયા હોવા કે બેસી જવાના બનાવોને લઈને પણ સરકાર કડક બની છે. મુખ્યમંત્રીએ તમામ રસ્તાઓની ગુણવત્તાની તપાસ કરવાનો આદેશ આપ્યો છે. જો કોઈ પણ રોડના કામમાં ભ્રષ્ટાચાર, નબળી ગુણવત્તા કે ગેરરીતિ સામે આવશે તો માત્ર કોન્ટ્રાક્ટરો જ નહીં પરંતુ સંબંધિત મનપા અધિકારીઓ સામે પણ ફોજદારી ગુનો દાખલ કરવામાં આવશે. હલકી ગુણવત્તાનું કામ કરનારા કોન્ટ્રાક્ટરોને બ્લેકલિસ્ટ કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

**સુરતમાં ત્રણ દિવસમાં 35નાં મોત**

## પાણીમાં ડૂબેલી હાલતમાં વધુ 11ના મૃતદેહ મળ્યા

**ભેસ્તાનમાં** 3, લિંબાયતમાં 3, ડિંડોલીમાં ૨, વાલક પાટિયામાં ૨ અને પુણામાં ૧નું મોત

સુરતઃ આજે પણ શહેરના વિવિધ વિસ્તારોમાંથી વધુ 11 લોકોના મૃતદેહ મળી આવ્યા છે. છેલ્લા ત્રણેક દિવસમાં વરસાદે 35થી પણ વધારે લોકોનો ભોગ

...અનુસંધાન પાના 5 પર

### મજૂરી કરીને ઘરે પરત આવતા બે યુવક પાણીમાં તણાયા

મુળ મહારાષ્ટ્ર નંદુરબારના વતની અને હાલમાં ડિંડોલીના ખરવાસા રોડ પર આવેલા બોણંદગામના ભદ્રીનાથ સોસાયટીમાં રહેતો 19 વર્ષીય હર્ષલ પ્રવીણભાઈ કરંકાળ અને તેમનો 31 વર્ષીય પડોશી મિત્ર

...અનુસંધાન પાના 5 પર

### ખાતા પરથી ઘરે આવતા કારખાનેદારનું પાણીમાં તણાઈ જતાં મોત

મૂળ અમરેલીના વતની અને હાલમાં વરાછામાં પેડલ રોડ ઉપર રહેતા 35 વર્ષીય અલ્પેશ રમેશભાઈ દેસાઈ મંગળવારે સાંજે કડોદરા ખાતે પોતાના એમ્બ્રોઈડરી ખાતા પરથી બાઈક

...અનુસંધાન પાના 5 પર

### અમરોલીમાં તાપી નદીમાં બે વર્ષની બાળકી પાણીમાં ડૂબી

સુરતના અમરોલીમાં તાપી કિનારે વર્ષની બે વર્ષની પુત્રી લક્ષ્મીકુમારી ઝૂંપડા પાસે અન્ય બાળકો સાથે નદી કિનારે રમતી હતી. ત્યારે લક્ષ્મી અચાનક પાણીમાં ડૂબી

...અનુસંધાન પાના 5 પર

### હાથમાં લાકડું આવી જતાં યુવક બચી ગયો, જોકે સગો ભાઈ હજી ગુમ

પાસોદરામાં સ્વસ્તિક રેસિડેન્સીમાં રહેતો 27 વર્ષ સંદીપ મનસુખભાઈ ચોવટીયા અને તેનો 25 વર્ષીય ભાઈ દર્શક ગેરેજ ચલાવે છે બંનેભાઇ ઘરે આવવા નીકળ્યા હતા. તે વખતે વાલક પાટિયા પાસે નીલકંઠ હાઈટ્સ પાસે રોડ પર ખાડીના પાણી કાર ડૂબી ગઇ હતી. તે વખતે સંદીપ પાણીના વહેણમાં ખેંચાઈ ગયો હતો. પરંતુ દર્શકના હાથમાં લાકડું આવી જતાં પકડી લીધું હતું. તે વખતે તેમના પર નજીકમાં આવેલી સ્કૂલના વોચમેનની નજર પડતા ટોર્ચ મારી હતી. જોકે તે ટોર્ચના

...અનુસંધાન પાના 5 પર

## મ્યુ. કમિશનરના આદેશથી નાસીરનગરમાં ગયો હતો

**સસ્પેન્ડેડ** સુજલ પ્રજાપતિએ હાઇકોર્ટમાં આદેશનો સ્ક્રીનશોટ રજૂ કર્યો

**બલીનો** બકરો બનાવી સસ્પેન્ડ કરાયો : સસ્પેન્શન રદ કરવા માંગ

સુરત, ગાંધીનગર : શહેરના નાસીરનગર ખાતે થયેલી વિવાદાસ્પદ ડિમોલિશન કાર્યવાહી બાદ સસ્પેન્ડ કરાયેલા સુરત મહાનગરપાલિકાના કાર્યપાલક ઈજનેર સુજલ પ્રજાપતિએ તેમના સસ્પેન્શનને ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો છે. પ્રજાપતિએ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરીને સસ્પેન્શનનો આદેશ રદ કરવા તેમજ કેસ પહેલાં જે સ્થિતિ હતી તે જ સ્થિતિમાં ફરીથી સેવા પર પુનઃસ્થાપિત કરવાની માંગ કરી છે.

અરજીમાં સુજલ પ્રજાપતિએ દાવો કર્યો છે કે તેઓ નાસીરનગર ડિમોલિશન સ્થળે પોતાની મરજીથી નહીં પરંતુ કમિશનરની સૂચનાના આધારે હાજર રહ્યા હતા. તેનો સ્ક્રીન શોટ પણ તેમણે કોર્ટમાં રજૂ કર્યો હતો. આ દાવાના સમર્થનમાં તેમણે વોટ્સએપ સંદેશા સહિત અન્ય સંચાર માધ્યમોથી મળેલી સૂચનાઓના પુરાવા પણ રજૂ કર્યા હોવાનું જણાવાયું છે. પીટીશનમાં જણાવાયું છે કે 29 જૂનના રોજ હાઈકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન કમિશનરે કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરી હતી કે ડિમોલિશન માટે તેમની તરફથી કોઈ સૂચના આપવામાં આવી નહોતી. જો કે, તેના બીજા જ દિવસે એટલે

...અનુસંધાન પાના 5 પર

## પરવટ ગામમાં ત્રણ માળનું એપાર્ટમેન્ટ અચાનક નમી ગયું

**50થી** વધુ લોકોનો સમયસર બચાવ



સુરતઃ સુરતના પરવટ ગામ વિસ્તારમાં ગુરુવારે મોટી દુર્ઘટના ટળી હતી. પરવટ ગામના પટેલ ફળિયા પાછળ આવેલું ત્રણ માળનું વીર દર્શન એપાર્ટમેન્ટ અચાનક એક બાજુ નમી જતાં રહીશોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. બિલ્ડિંગમાં રહેતા 40થી 50 જેટલા લોકો જીવ બચાવવા માટે બહાર દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડ અને સુરત મહાનગરપાલિકાની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર બિલ્ડિંગ ખાલી કરાવી સાવચેતીના ભાગરૂપે તેને સીલ કરી દેવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, વહેલી સવારે બિલ્ડિંગનો પાછળનો ભાગ અચાનક જમીન તરફ નમતો હોવાનું રહીશોના ધ્યાનમાં આવ્યું હતું. થોડા જ સમયમાં બિલ્ડિંગની મુખ્ય દીવાલોમાં મોટી તિરાડો દેખાવા લાગી હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી દુકાનોના શટર પાસે પણ ગાબડાં પડતાં બિલ્ડિંગની





## CMA ફાઉન્ડેશન પરીક્ષામાં સુરતનો શાનદાર દેખાવ, 84.40 ટકા પરિણામ

**289માંથી** 244 વિદ્યાર્થી સફળ, હીના હરકાવત અને કરણ ગાંધી સંયુક્ત રીતે પ્રથમ સ્થાને, RCIના 30 વિદ્યાર્થીઓ સફળ

સુરતઃ ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) દ્વારા સીએમએ (કોસ્ટ એન્ડ મેનેજમેન્ટ એકાઉન્ટન્સી) ફાઉન્ડેશન કોર્સની જૂન-2026માં યોજાયેલી રાષ્ટ્રવ્યાપી પરીક્ષાનું પરિણામ ગુરુવારે જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામમાં સીએમએ સુરત સાઉથ ગુજરાત ચેપ્ટરના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સુરતનું ગૌરવ વધાર્યું છે.

...અનુસંધાન પાના 5 પર

### RCIના 3વિદ્યાર્થી સુરત ટોપ 5 માં સામેલ

આ પરિણામમાં RCI માટે પણ ગૌરવની ક્ષણ રહી છે. RCIના કુલ 34 વિદ્યાર્થીઓમાંથી 30 વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. ઉપરાંત સુરત શહેરના ટોપ-5માં RCIના ત્રણ વિદ્યાર્થીઓએ સ્થાન મેળવ્યું છે.

...અનુસંધાન પાના 5 પર

### સુરતના ટોપર્સ વિદ્યાર્થીઓ

| નામ | રેન્ક | માર્ક |
|---|---|---|
| હિના હરકાવત | 1 | 344 |
| કરણ ગાંધી | 1 | 344 |
| પર્વ શાહ | 2 | 322 |
| અમિશા ઢકણ | 3 | 316 |
| મો.ફૈઝ | 4 | 308 |
| દર્શ વઘાસિયા | 5 | 306 |

## લોકોએ અધિકારીઓને ઉઘાડા પગે ગંદા પાણીમાં ચલાવ્યા

**24** કલાક અમારી જેમ પાણીમાં ભૂખ્યા તરસ્યા રહીને બતાવો : લોકોનો આક્રોશ

સુરતઃ ખાડી કિનારાના વિસ્તારોમાં ચોથા દિવસે પણ પૂરના પાણી ન ઓસરતાં અસરગ્રસ્ત નાગરિકોની ધીરજનો આખરે અંત આવ્યો છે. ડુંભાલ ફાયર સ્ટેશનની પાછળ અને ચોર્યાસી ડેરી નજીક આવેલા ગીતાનગરમાં લોકોએ મનપાના અધિકારીઓને આડે હાથ લીધા હતા. આ વિસ્તારમાં જ્યારે મનપાના કર્મચારીઓ સરવેની કામગીરી તેમજ ફૂડ પેકેટનું વિતરણ કરવા પહોંચ્યા ત્યારે નર્ક જેવી સ્થિતિ ભોગવી રહેલા લોકોએ ઉગ્ર વિરોધ શરૂ કર્યો હતો. ત્યારબાદ પરિસ્થિતિનો તાગ મેળવવા સ્થળ પર દોડી આવેલા લિંબાયત ઝોનના ઉચ્ચ અધિકારીઓનો પણ સ્થાનિકોએ ભારે હુરિયો બોલાવ્યો હતો. વિસ્તારની મુલાકાતે ટ્રેક્ટરમાં સવાર થઈને નીકળેલા અધિકારીઓને રોષે ભરાયેલા અસરગ્રસ્તોએ અધવચ્ચે જ અટકાવી દીધા હતા અને તેમને ટ્રેક્ટરમાંથી નીચે ઉતારી, ઉઘાડા પગે ગંદા પાણીમાંથી પસાર થઈને લોકોનાં ઘરો સુધી જવા માટે મજબૂર કર્યા હતા.

લિંબાયત ઝોનના ઝોનલ ચીફ

...અનુસંધાન પાના 5 પર



### અધિકારીઓ પહેલા સ્થાનિક કોર્પોરેટર નાગર પટેલ અને રાજેશ રાણા સામે પણ લોકોએ વિરોધ કર્યો હતો

બીજી તરફ ડુંભાલ ગીતાનગરના અસરગ્રસ્ત રહીશોમાં માત્ર વહીવટી તંત્રના અધિકારીઓ સામે જ નહીં, પરંતુ પોતાની જાતને પ્રજાના સેવક ગણાવતા સ્થાનિક કોર્પોરેટરો સામે પણ ભારે રોષ ભભૂકી ઊઠ્યો હતો. મનપાના અધિકારીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી એ પહેલાં સ્થાનિક ભાજપના કોર્પોરેટર નાગર પટેલ અને રાજેશ રાણા પરિસ્થિતિની સમીક્ષા કરવા અને લોકોને મળવા ગીતાનગર પહોંચ્યા હતા. જો કે, ચાર-ચાર દિવસથી પૂરના પાણીમાં ડૂબેલા અને મદદ વગર ટળવળતા લોકોએ આ બંને લોકપ્રતિનિધિઓનો પણ ઉગ્ર વિરોધ કરીને ભારે ક્લાસ લીધો હતો. સ્થાનિક મહિલાઓ અને પુરુષોએ

...અનુસંધાન પાના 5 પર



છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
મૃત્યુ પછી ભલે કેટલાક વર્ષો વીતી ગયા. પરંતુ પ્રિય વ્યકિતની યાદ ક્યારેક મટી જતી નથી, તેમની સ્મૃતિ હંમેશા દિલમાં જીવંત રહે છે, તેમના શબ્દો, સંસ્કાર, પ્રેમ અને માર્ગદર્શન આપણાં જીવનમાં સતત પ્રેરણા આપતા રહે છે.
સ્વ. શારદાબેન મણીભાઈ પટેલ
જન્મ તા. ૨૪/૧૦/૧૯૪૭
સ્વ.તા. ૧૦/૦૭/૨૦૨૦
(અષાઢ વદ પાંચમ)
પરમાત્મા આપના દિવ્ય આત્માને ઉત્તમ સદ્‌ગતી અર્પે અને ભવોભવના ફેરામાંથી મુકિત અપાવે એવી પ્રાર્થના.
શોકાતુર
મણીભાઈ મકનભાઈ પટેલ (પતિ)
કિશોરભાઈ મણીભાઈ પટેલ(પુત્ર) મિનાક્ષીબેન કિશોરભાઈ પટેલ(પુત્રવધુ)
પ્રિન્સકુમાર કિશોરભાઈ પટેલ(પૌત્ર) અરૂણાકુમારી કિશોરભાઈ પટેલ(પૌત્રી)
ભુપેન્દ્રભાઈ હરિભાઈ પટેલ(જમાઈ) ગીતાબેન ભુપેન્દ્રભાઈ પટેલ(પુત્રી)
રાજેશભાઈ બાબરભાઈ પટેલ(જમાઈ) જાગૃતિબેન રાજેશભાઈ પટેલ(પુત્રી)
હિમાંશુભાઈ દિપકભાઈ પટેલ(જમાઈ) ભાવિકાબેન હિંમાશુભાઈ પટેલ(પૌત્રી)
ગામ : ભેંસાણ



॥ દુ:ખદ અવસાન/બેસણું ॥
સ્વ. દેવ મનસુખભાઈ પટેલ
જન્મ તા. ૨૫/૦૪/૨૦૦૬ સ્વ. તા. ૦૮/૦૭/૨૦૨૬
દિલગીરી સાથે જણાવવાનું કે મારા પુત્ર શ્રી સ્વ. દેવ મનસુખભાઈ પટેલનું તા. ૦૮/૦૭/૨૦૨૬ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે.
સદ્‌ગતનું બેસણું તા. ૧૧/૦૭/૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે. અમારા નિવાસસ્થાને રાખેલ છે. પ્રભુ એમની દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના.
લિ.
સ્વ. ચંદુભાઈ કેશવભાઈ પટેલ ગં.સ્વ. સુમનબેન ચંદુભાઈ પટેલ
સ્વ. મનસુખભાઈ ચંદુભાઈ પટેલ ગં.સ્વ. ભાવનાબેન મનસુખભાઈ પટેલ
વિનુભાઈ ચંદુભાઈ પટેલ ઈલાબેન વિનુભાઈ પટેલ
ઉમંગ વિનુભાઈ પટેલ ખુશી નિતિનભાઈ પટેલ
રિંકેશભાઈ ભરતભાઈ પટેલ ઉર્વી રિંકેશભાઈ પટેલ
વિકલભાઈ રાજુભાઈ પટેલ તાસુ વિકલભાઈ પટેલ
ડિસન વિનુભાઈ પટેલ
સ્થળ : વચલુ ફળિયું, એલ.ડી.હોલ પાસે, ભીમરાડ, સુરત.




પ્રેમપૂર્ણ શ્રદ્ધાંજલિ
''પ્રેમ અને કર્મથી સહુના મન જીતી લીધા''
''છાને ખુણે રડી લઈશું આવશે તમારી યાદ''
''જ્યાં કુદરત અમારી રૂઠેં છે, ત્યાં કોને કરવી ફરીયાદ''
''મન હજુ માનતું નથી કે તમેં અમારી વચ્ચે નથી હયાત''
''પ્રભુ તમારી આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના''
સ્વ. જ્યોતિબેન જયવદન કાપડીયા (બેબી બેન)
સ્વ. તા. ૦૯.૦૭.૨૦૨૬
લિ.
નરેન્દ્ર ચોક્સી - નયના ચોક્સી
હિમાંશુ ચોક્સી - પારૂલ ચોક્સી
સિયા ચોક્સી - યુગ ચોક્સી



દુ:ખદ અવસાન - બેસણું
દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા સૌના ખુબ પ્રિય જ્યોતિબેન જયવદન કાપડીયા (બેબી બેન)નું ગુરૂવાર તા. ૦૯.૦૭.૨૦૨૬ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.
સદ્‌ગતનું બેસણું
તા. ૧૦.૦૭.૨૦૨૬ શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે
''આદર્શ ભવન''
અઠવા SMC ઝોનની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. મુકામે રાખેલ છે.
સ્વ. જ્યોતિબેન જયવદન કાપડીયા (બેબી બેન)
સ્વ. તા. ૦૯.૦૭.૨૦૨૬
સ્વજન
સ્વ. જયવદન રમણીકલાલ કાપડીયા વિરેન્દ્ર રમણીકલાલ કાપડીયા
રૂપેશ જયવદન કાપડીયા (પુત્ર) રેખા વિરેન્દ્ર કાપડીયા
બીજલ રૂપેશ કાપડીયા (પુત્રવધુ) જીતેશ વિરેન્દ્ર કાપડીયા
નૈશા રૂપેશ કાપડીયા (પૌત્રી) દિવ્યા જીતેશ કાપડીયા
ડિમ્પલ બિમલ વાણિયાવાળા કરિશ્મા જયેશ શાહ
બિમલ વાણિયાવાળા જયેશ શાહ
રાજ દવે જોલી દવે
પૌત્ર - પૌત્રી : હર્ષ - મીત - ટિવંકલ - વેદ
તથા સમસ્ત કાપડીયા પરીવાર

અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



વ્હાલા પપ્પાને પ્રથમ પૂણ્યતિથિએ ભાવાંજલિ
આપ અમોને છોડી એવા ગયા કે જાણે અમારી જીંદગીમાં કોઇ રંગ જ ના રહ્યો. સુખ દુ:ખમાં સદાય હસતો ચહેરો અમારી યાદોમાં મૂકતા ગયા. એવા પુણ્ય કરીએ, ફરી આજ સંબંધે જન્મોજન્મ તમો અમને મળો. પ્રભુ તમારા દિવ્યાત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. રમણભાઇ વલ્લભભાઇ પટેલ
સ્વ. તા. ૧૦/૦૭/૨૦૨૫
ગં.સ્વ. રમીલાબેન રમણભાઈ પટેલ (પત્ની)
અંકિત રમણભાઈ પટેલ (પુત્ર)
રાહુલ રમણભાઈ પટેલ (પુત્ર)
ધર્મિષ્ઠા જયેશકુમાર પટેલ (પુત્રી)
દીપીકા જયેશકુમાર પટેલ (પુત્રી)
કૃપા રમણભાઈ પટેલ (પુત્રી)
તથા સમસ્ત વલ્લભ પરિવાર
પાલણપોર ગામ



૧૬મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી
''માં''નો અર્થ જોડણીકોશમાં જોવાનો નથી હોતો, એ જીવનકોશમાં જોવાનો હોય. ''માં'' નો એક જ અર્થ હોય છે... અને તે છે માનો ચહેરો...''
લિ. સ્વ. રોહિતકુમાર તરતીયા
તારી હસ્તી અને હુંફ તરસતા તારા બાળકો...
કલ્પેશ આર. તરતીયા (UK) મઘા કલ્પેશ તરતીયા
કેતુલ આર. તરતીયા (એડવોકેટ) અમી કેતુલ તરતીયા
શ્યામલ આર. તરતીયા વિન્સી શ્યામલ તરતીયા
હર્ષી, દર્શી, સીયા, ધ્યાની, હેલી, રૂતિકા
સ્વ. રમીલાબેન રોહિતકુમાર તરતીયા
સ્વ. તા. ૧૦/૦૭/૨૦૧૦



ચતુર્થ પુણ્યતિથિએ સ્મરણાંજલી
મમ્મી આપની વિદાયને ૪ વર્ષ પૂર્ણ થયાં. મમ્મી તમે હંમેશા સુખમાં પડખે અને દુ:ખમાં ઢાલ બની અમારી સાથે ઊભા રહ્યાં. આપનાં ઉત્તમ કાર્યો, નિસ્વાર્થ, પ્રેમાળ, માયાળુ સ્વભાવ સર્વત્ર છવાઈ ગયો. આપની સ્મૃતિ આમારા સૌનાં જીવનમાં અનંતકાળ સુધી પ્રજ્જવલિત રહેશે.
આપના સદ્‌ગુણો અમને દિવા-દાંડીની જેમ માર્ગ ચિંધ્યાં કરશે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
કેસરબેન રતિલાલ કહાર
ઉર્ફે સ્વ. કેસરબેન લાલભાઈ પટેલ (નિવૃત આચાર્ય ન.પ્રા.શિ.સમિતિ)
સ્વ. તા. ૧૦-૦૭-૨૦૨૨
લિ. આપનો પરિવાર
શશીકાંત કહાર (પુત્ર) મિનાક્ષી કહાર (પુત્રવધુ)
મનોજ ભગત (પુત્ર) ફાલ્ગુની ભગત (પુત્રવધુ)
અક્ષત કહાર (પૌત્ર)
પ્રિયલ પ્રિયેશ રેતીવાલા (પૌત્રી) જાગૃતિ સુરેશભાઈ કહાર (પુત્રી)
ચતિત, પ્રિયાંશ, શ્રીયા, હેયાંશ તથા સમગ્ર કહાર પરિવાર